ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઘસાઈ રેકર્ડ, પંચશીલનું ગાણું ગાઈ-ગાઈ,*
*સહોદર નહીં આ તો છે બોમ્બે વાલા 'ભાઈ-ભાઈ'*
*ભોંકે છરી પીઠે, મોઢે વાતો કરે છે ડાઈ-ડાઈ -*
*ચીન પરના વિશ્વાસ વચ્ચે છે ઉંડી ખાઈ-ખાઈ*

### હાઈકુ

| | |
|---|---|
| *ખર્ચા ન કરો!* | *દોડશે હવે* |
| *પહેરાવો ડાબલા -* | *જાપાનીશ બૂલેટ -* |
| *આ...બે ની આંખે!!* | *પાટા વગર...* |
| *(ઘોડાની આંખે હોય છે એવા)* | *(ખડવાની બીક જ નહીં)* |

### ચિંતન

*ન વિના પરવાદેન રમતે દુર્જનો જનઃ ।*
*કાકઃ સર્વરસાન્ભુકત્વા વિનાઽમેધ્યં તૃપ્યતિ ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**બીજાની નિંદા કર્યા વિના દુર્જનને ચેન પડતું નથી. કાગડો બધા રસો ચાખવા છતાં મેલ ખાદા વિના સંતોષ પામતો નથી.**

**દુર્જન લોકોને બીજાની નિંદા સ્વભાવ-વર્તનની ટીકા-ટિપ્પણ વિના ચાલતું નથી. બીજું કોઈ - કોણ શું કરે છે, કેમ કરે છે એની ચર્ચા-વિવાદ કર્યા વિના તમને જે રીતે સારું અને યોગ્ય લાગે તે બીજાને નૂકશાન પહોંચાડ્યા વિના કરવા મંડી પડો.. કોઈની ગેરહાજરીમાં નિંદા કરવી એ દુષ્ટ કાગડા જેવાં છે જેને મળ વિષ્ઠા સિવાય કંઈ ભાવતું નથી.**

### સુવિચાર

- દુનિયામાં રંગ ઘણા છે, પણ રંગોળી રે મેઘધનુષ્ય થવું હોય તો એક થવું પડે છે - **જનકલ્યાણ**
- જે વસ્તુ, વાત કે વ્યક્તિ આપણને 'ચેલેંજ' કરે છે, એ વસ્તુ, વાત કે વ્યક્તિ આપણને 'ચેલેંજ' કરે છે, એ વસ્તુ, વાત કે વ્યક્તિ આપણને 'ચેઈન્જ' કરી શકે છે - **ઈશીતા**
- પ્રેમમાં જ તાકાત છે સાહેબ સમર્થને ઝુકાવવાની, બાકી રામને ક્યાં જરૂર હતી એઠા બોર ખાવાની - **કેતન સોરઠીયા**
- રથ લઈને 'કૃષ્ણ' હમણાં જ આવે, બસ આપણામાં 'અર્જુન' બનવાના ગુણ હોવા જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- 'ભાવ' ખાવાનો 'સ્વભાવ' રાખવા કરતા, 'ભાવ' ભરેલો 'સ્વભાવ' રાખતા શીખો, 'ખુશ રહેશો' - **સંત રોબીન**
- સફળતાનો અંત હું રસ્તા પરની ઠોકરથી નહીં લાવું, હજી તો મારે મંઝીલને લાત મારવાની બાકી છે - **જય વસાવડા**
- આજનું ઔષધ : આમળાના રસમાં મધ અને હળદર નાખીને પીવાથી પેશાબ માર્ગે જતું લોહી બંધ થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આજે ખૂન, લૂંટ, છેતરપીંડી, કચડી નાખવાના કેસના વકીલોને ચાંદી પડે છે ત્યારે આ દૃષ્ટાંત વાંચવા જેવું છે :

દેશબંધુ ચિત્તરંજનદાસ એક બાહોશ વકીલ. તેઓ આઝાદીની લડતમાં યુવાનોને છોડાવવા ના કેસમાં કોઈ પણ જાતની ફી ન લેતા. પોતે ખુદ દેવાદાર હતા છતાં પૈસાનો એવો કોઈ મોહ નહિં. પોંડીચેરીના પ્રણેતા અરવિંદજી પણ આઝાદીની લડતમાં પકડાયા હતા અને રાષ્ટ્રભક્તિને અનુલક્ષીને અલીપુર કાવતરામાં આરોપી તરીકે જેલમાં હતા અને જેમના વકીલ દેશબંધુ હતા. કામનો બોજો એટલો હતો કે નવા બીજા કેસ લઈ શકવા જેટલો સમય એમની પાસે ન રહેતો.

એક વાર નગરશેઠ એક કેસ લઈ એમની પાસે આવ્યા અને ૧૯૪૦ની સાલમાં એમને પચાસ હજાર ફી લઈને પણ કેસ હાથ પર લેવા વિનંતી કરી. ત્યારે બંધુજીએ શેઠને કહ્યું, 'મારે અત્યારે પૈસાની ખૂબ જ જરૂર પણ છે. છતાં આપનો કેસ હું બે કારણોસર લઈ શકું તેમ નથી, પહેલું કારણ કે અરવિંદજીના કેસમાં મારે ખૂબ અભ્યાસ કરી એમને છોડાવવાની મુખ્ય જવાબદારી મારા શિરે છે અને બીજુ કારણ કે તમારા કેસમાં તમે જણાવેલી વિગત સંપૂર્ણ સાચી લાગતી નથી, તમે કયાંક ભૂલ કરી છે એટલે એ ભૂલ માટે સામા પક્ષને હું અન્યાય ન કરી શકું.'

# ચૂંટણીના ચક્રવ્યૂહમાં કોણ ફાવશે...

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાનાં કેટલાંક રાજયોમાં અને કેરેબિયન ટાપુઓમાં ફૂંકાયેલા વાવાઝોડાની જેમ ગુજરાત પર આગામી વિધાનસભાની ચૂંટણીનું વાવાઝોડું ફૂંકાઈ રહ્યું છે. આગોતરી ચેતવણીના ભાગ રૂપે શાસક અને વિપક્ષના નેતાઓ વિજયની અપેક્ષાઓ સાથે આગળ વધી રહ્યા છે અને કુરુક્ષેત્રના રણમેદાનમાં ઊતરતા પહેલાં જ ચક્રવ્યૂહ ગોઠવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાતની ચૂંટણી જીતવી એ નાકનો સવાલ છે. એટલે એમમે એ દિશામાં તમામ ચક્રો ગતિમાન કરી દીધાં છે. કોંગ્રેસ માટે પાંચ દાયકાના વનવાસ બાદ સત્તા નજીક પહોંચવાની શક્યતાઓ સરજાઈ છે. ભાજપ શાસનની અનેક ભૂલોનો એમને સીધો જ લાભ મળી શકે એમ છે. જો કે નેતૃત્વના મુદ્દે બેઉ પક્ષે શૂન્યાવકાશ જેવી જ સ્થિતિ પ્રવર્તી રહી છે. ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી કે નરેન્દ્ર મોદીની કક્ષાના નેતા રાજયસ્તરે ઉપલબ્ધ નથી. શંકરસિંહ વાઘેલાએ નારાજ થઈને કોંગ્રેસ છોડી દીધી છે. એમની સાથે વફાદારી ધરાવતા કેટલાક ધારાસભ્યોએ છડેચોક ભગવો ધારણ કરી લીધો છે. આથી કોંગ્રેસને દેખીતી રીતે થયેલ નુકશાન ચૂંટણી વેળામાં ફાયદામાં પલટાઈ શકે એવી સ્થિતિ સરજાવા પામી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી રિવર ફ્રંટ પર અગ્રણી કોંગ્રેસી કાર્યકરો સાથે 'સંવાદ' રચી આશ્વાસન આપી ગયા છે કે કોંગ્રેસ 'પૅરાશૂટ' ઉમેદવારોને તક નહીં આપે. ઉમેદવાર જે - તે મત વિસ્તારમાંથી જ પસંદ કરાશે અને સતત પાર્ટીને વફાદાર રહેલ સક્રિય કાર્યકરને જ ટિકિટ આપશે. સ્ક્રીનિંગ કમિટીના ચૅરમેન બાલાસાહેબ થોરાટ ગુણવત્તાના ધોરણે જ ઉમેદવારોની પૅનલ બનાવશે તો જૂથબંધીથી થનાર ભાગબટાઈ પણ નિવારી શકાશે. આની સામે ભાજપ દ્વારા આયાતી ઉમેદવારો માટે દરવાજા ખુલ્લા મૂકી દેવાયા છે. કોંગ્રેસમાંથી બળવો કરીને ભાજપમાં જોડાયેલા ધારાસભ્યોને ટિકિટ આપવાનું વચન અપાઈ ચૂક્યું છે. આમ કેટલીક બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના નિશાન પર ગઈ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી જીતેલા ઉમેદવારો હશે તે નક્કી છે. આવા મતવિસ્તારોમાં વર્ષોથી ભાજપના ઝંડા લઈને ફરનારા મહત્ત્વાકાંક્ષી આગેવાનોની ટિકિટ મેળવવાની આશા પર પહેલાંથી જ પાણી ફરી વળ્યું છે. આથી ઊભી થનારી નારાજગી કાર્યકર્તાઓની નિષ્ક્રિયાતામાં પરિણમે તો ભાજપે કોંગ્રેસને લૂલી લંગડી બનાવી મૂકવાનો જે દાવ ખેલ્યો હતો તે એની જ સામે બૂમરેંગ થઈ શકે એ છે. વળી પાટીદાર આંદોલન કે ઠાકોર ક્ષત્રિય સેના અને દલિત સમાજનો ઘૂંઘવાટ પણ ચૂંટણી વખતે શાસક પક્ષ માટે જોખમી પુરવાર થઈ શકે એમ છે. આ પરિસ્થિતિને વ્યૂહાત્મક રીતે ખાળવા સત્તાધારી પાર્ટી એની બી-ટીમના ઉમેદવારોને કોઈ પ્રાદેશિક સંગઠનના નેજા હેઠળ મેદાનમાં ઉતારી કોંગ્રેસની સંભવિત વોટબેંકમાં ગાબડાં પાડી શકે એમ છે. શંકરસિંહ વાઘેલાના આશીર્વાદ સાથે રચાઈ રહેલ 'જન વિકલ્પ' આવું ત્રીજું પરિબળ હોઈ શકે કે કેમ એ તો સમય જ કહેશે. હાલ તો વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી રૂપાણી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નર્મદા મહોત્સવથી લઈ બુલેટ ટ્રેન સુધીના 'વિકાસ'નો મુદ્દો ચગાવી પ્રજાને આકર્ષવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે.

# ભઠ્ઠી હવે પહેલાં જેટલી ગરમ રહી નહોતી




ગામડે ગયેલો. મોસાળમાં નાનાને ઘેર. નાના ઘરે. નાના તો હવે નથી. મામા પણ નથી. મામાનો દીકરો છે. મને જોઈને ખુબ ખુશ થઈ ગયો. ઘરની બહાર જ મળી ગયો. 'અરે !' જાગૃતિ જો કોણ આવ્યું છે. ફઈનો દીકરો, અરે, હાં, અમદાવાદ વાળો... મારો ભાઈ.' કદાચ તે પોતાની પત્નીને બોલાવીને ઓછું પણ આડોશી પાડોશીને વધુ જલ્દી સંભળાય તે માટે મોટેથી બોલી રહ્યો હતો.

'મેં કાર ત્યાં ઊભી રાખી દીધી છે. કંઈ વાંધો તો નથી ને?' અમદાવાદ વાળા પોતાના કરતાં પોતાની કારની વધુ પરવા કરે છે.

'કંઈ વાંધો નથી. ગમે ત્યાં ઉભી રાખી દે' કહેતા તેણે મારો સામાન પોતાના હાથમાં લઈ લીધો અને ભાભીને આપતાં બોલ્યો. 'જાગૃતિ ખુબ મસ્ત ખાવાનું બનાવ. વિકાસ વીસ બાવીસ વર્ષે આવ્યો છે. મોટો માણસ થઈ ગયો ત્યારથી આ ભાઈને ભૂલી ગયેલો... બાળપણમાં અમે બંને ખુબ સાથે રમતા ખરું ને?'

'હાં, કહેતાં અમે બંને આંગણામાં હિંચકા ઉપર જ બેસી ગયા. નાના-નાનીથી લઈને બા-બાપુજી અને બાળકોની પછી નોકરી ધંધાની અને ખેતીવાડીની વાતો અમારા વચ્ચે થતી રહી.'

થોડીવાર વાતો કર્યા પછી મારા મામાના દીકરાએ કહ્યું, 'તું હવે આરામ કર, મારે થોડું કામ છે. અરે, કામ બીજું શું હોય ખાતર લાવવાનું છે. હમણાં એકાદ કલાકમાં આવું છું.' પછી તેણે તેની પત્નીને બોલાવી કહ્યું, 'જાગૃતિ, વિકાસને જમાડી દેજે. સવારે બહુ વહેલો નીકળ્યો હશે. ભૂખ લાગી હશે. મારે આમ તો મોડું નહીં થાય, વહેલો આવી જઈશ.'

'સારું' કહેતા ભાભી બહાર આવી ગયાં હતા.

મારો મામાનો દીકરો જતો રહ્યો.

મેં ન્હાઈ ધોઈ જમવાનું પતાવ્યું.

સલીમ નાનાની ભાડભુંજાની દુકાન હજુ ત્યાં જ હતી. ઘણા બધા લોકો મકાઈ જુવારની ધાણી અને ચણા શેકાવવા બેઠા હતા. એક માણસ ભઠ્ઠીમાં આગ પેટાવી રહ્યો હતો. બીજો શેકતો હતો. હું તેમાંથી કોઈને ઓળખતો ન હતો. હું થોડીવાર તેમને જોતો રહ્યો. પછી કોણ જાણે મને શું થયું. મેં મકાઈની ધાણી શેકતો હતો તેની સામે મારા બંને હાથ પ્રસારી દીધા. હું બાળપણમાં પણ સલીમ નાનાની સામે આમ જ કરતો હતો. તેણે મારી સામે જોયું 'શું છે?'

મેં શેકાઈ રહેલ મકાઈની ધાણી તરફ ઈશારો કર્યો. બિલકુલ એ જ રીતે જે રીતે સલીમ નાનાની સામે કરતો. તેણે શેકેલી મકાઈની ધાણી માંડ અડધી મુઠ્ઠી મારી હથેળીમાં આપી. અને એવી રીતે મારી સામે જોયું કહી રહ્યો હોય કે ભઠ્ઠીની સામે બેસ તો ખબર પડે... માંગવા આવી ગયો છે.

હું તે અડધી મુઠ્ઠી શેહેલી મકાઈની ધાણી લઈ ઊભા રહ્યો. બધા લોકો મને જોતા હતા. પછી ચાલતો થયો ત્યારે મનમાં થયું કે 'આ ધાણીને ફેંકી દે... જે આટલા અપમાનથી આપી છે.'

મેં જયાં ફેંકવા માટે હાથ ઊંચો કર્યો ત્યાં કોણ જાણે કયાંથી અવાજ સંભળાયો. 'અરે! આ તો દુર્ગાભાઈનો ભાણીયો છે. લઈ લે... લઈ લે...આટલો ખાઈ તે એટલે બીજી લઈ જજે. બહેન દીકરીનાં ભાણેજડાંને આપવાની બરકત થાય છે. લે... લઈજા... આનો ચકલીનું ચણ છે. તેના ચણવાથી આપણને અલ્લાહ ખુબ આપે છે.'

મેં મકાઈની ધાણીને ફેંકી નહોતી.મારાં પીટર ઈંગ્લેન્ડના શર્ટના ખિસ્સામાં ભર્યા હતા. પાછળથી પેલો ધાણી શેકી રહેલા છોકરાએ બુમ પાડી.

'અરે ! સાહેબ શું થયું ? ધાણી ઓછી પડી હોય તો વેચાતી લઈ લો.'

'વેચાતી લીધેલ ધાણીમાં એ સ્વાદ કયાંથી?' પછી મેં તેને પુછ્યું 'તું સલીમ નાના ભાણીયો છે.'

'હાં'

**અનુસંધાન પાના નં. ૭ પર**

# શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિનો યોગ-સુયોગ




ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનને કહે છે કે ''હે પાર્થ, શક્તિ વિશે કોઈ શંકા ન કર અને ધર્મમાં શ્રદ્ધા રાખ.''

સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે ''તૂંડે તૂંડે મતિર્ભિન્નાઃ'' માણસે માણસે મતિ, વિચાર અલગ અલગ હોઈ શકે છે. દરેક ધર્મના અનુયાયી પોતપોતાની શ્રદ્ધા, આસ્થા અને વિશ્વાસ અનુસાર ધર્મપાલન કરતા હોય છે. ધર્મ દરેકના જુદા હોઈ શકે. દરેક ધર્મના અનુયાયી પોતપોતાની શ્રદ્ધા અને વિશ્વાસ અનુસાર ઈષ્ટદેવની આરાધના કરતા હોય છે. પરંતુ મહત્વની વાત પોતાના ધર્મમાં શ્રદ્ધા રાખવાની છે. શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિનો યોગ-સુયોગ રચાય એનાથી મોટી બીજી કોઈ ઉપલબ્ધિ ન હોઈ શકે.

> **માણસે માણસે મતિ, વિચાર અલગ અલગ હોઈ શકે છે, દરેક ધર્મના અનુયાયી પોતપોતાની શ્રદ્ધા, આસ્થા અને વિશ્વાસ અનુસાર ધર્મપાલન કરતા હોય છે, ધર્મ દરેકના જુદા હોઈ શકે, દરેક ધર્મના અનુયાયી પોતપોતાની શ્રદ્ધા અને વિશ્વાસ અનુસાર ઈષ્ટદેવની આરાધના કરતા હોય છે**

દરેક વ્યક્તિના પોતાના ધર્મ જુદા જુદા હોઈ શકે છે પણ બધા ધર્મમાં મુખ્ય વાત શ્રદ્ધા રાખવાની છે, વિશ્વાસ રાખવાની છે. શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો જ ભક્તિનો યોગ રચાય છે. અખા ભગતે કહ્યું છે ને કે ''પથ્થર એટલા પૂજે દેવ, તો પણ અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'' શ્રદ્ધા અને વિશ્વાસ રાખો તો પથ્થર પણ દેવ સમાન લાગે છે અને વારંવાર શ્રદ્ધા તથા વિશ્વાસ ડગે અને વારંવાર ધર્મ, આસ્થા બદલવામાં આવે તો એવા દરેક પથ્થર-પરિવર્તનથી પણ બ્રહ્મજ્ઞાન આવતું નથી.

ધર્મ આપણને ઘણું બધું શીખવે છે. આપણા જીવનકાળ દરમિયાન પણ આપણા સંબંધોનું મેનેજમેન્ટ આપણને ધર્મ-સિદ્ધાંતો શીખવી જાય છે. આપણા પ્રત્યેક સંબંધ પ્રત્યે પણ આપણને શ્રદ્ધા અને વિશ્વાસ હોય એ જરુરી છે. આમ બને તો જ સંબંધની સફળતા અને સાર્થકતા બની રહે છે. ધર્મમાં શ્રદ્ધા અને આસ્થા તથા વિશ્વાસ જરુરી છે, તો જ ભક્તિનું પરમપદ પામી શકાય છે.

આપણે અષ્ટાંગ ભક્તિ વિશે જાણીએ છીએ. (૧) શ્રવણ, (૨) સ્મરણ, (૩) ચિંતન, (૪) મનન, (૫) કિર્તન, (૬) પૂજા, (૭) સેવા, (૮) સાધના. અષ્ટાંગ યોગ વિશે પણ જાણીએ છીએ એમ (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિ. જે રીતે અષ્ટાંગ ભક્તિ અને અષ્ટાંગ યોગ વિશે કહેવાયું છે એમ વેદોમાં અષ્ટાંગ બ્રહ્મચર્ય યાને આઠ પ્રકારના બ્રહ્મચર્ય વિશે પણ કહ્યું છે.

श्रवणम् किर्तनम् केलिः प्रेक्षणम् गुह्य भाषणम्
संकल्पोडध्यवसायश्च क्रियानिवृत्तिरेव च,
एतन्मैथुनमष्टांग प्रवदन्ति मनीषिणः
विपरीतम् ब्रह्मचर्यम् एतदेवाष्टलक्षणम्

અહીં (૧) શ્રવણમ્ એટલે કે સ્ત્રીઓની વાણી સાંભળવી અથવા તેનું ચિંતન, સ્મરણ કરવું. (૨) સ્ત્રીનું વર્ણન કરતા શૃંગાર ગીત ગાવાં. (૩) સ્ત્રીઓ સાથે હોળી રમવી અથવા કોઈ પણ ખેલમાં ભાગ લેવો. (૪) કોઈ સ્ત્રી તરફ ગીધ અથવા ઊંટની જેમ ગરદન ઊંચી કરીને પાપદૃષ્ટિથી જોયા કરવું. (૫) સ્ત્રીઓના સંપર્કમાં રહેવું તથા એકાન્તમાં વાતચીત કરવી. (૬) શૃંગારિક સાહિત્યનું વાચન, મનન, ચિંતન કરવું. (૭) સ્ત્રીને પામવા પાપપૂર્ણ અને વ્યર્થ પ્રયાસો કરવા. (૮) સ્ત્રીનો પ્રત્યક્ષ સંગ કરવો. આ આઠ પ્રકારના કર્મથી દૂર રહેવું એટલે અષ્ટાંગ બ્રહ્મચર્ય.

વાત ધર્મમાં શ્રદ્ધા, આસ્થા અને વિશ્વાસ રાખવાની છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવન શ્રીકૃષ્ણ જુદા જુદા શ્લોકમાં કહે છે કે (૧) मामेकम् शरणम् भजः મારા શરણમાં આવ. (૨) मनः मना भवः મારો જ વિશ્વાસ કર. (૩) मदः यामि મને પ્રાપ્ત કર. (૪) मय नमः स्कूरू મને જ નમન કર. ભગવાન શ્રીકૃષ્ણને આમ વારંવાર અર્જુનને કહેવું પડે છે, એનું કારણ એટલું જ છે કે ભગવાન પોતાની સમીપ અને નિકટ તથા સાક્ષાત સ્વરુપે હોવા છતા પણ અર્જુનના મનમાં વિકાર પ્રવેશી જાય છે. તેને ખુદ ભગવાનની વાત ઉપર પણ વિશ્વાસ બેસતો નથી. આથી અર્જુન ભગવાનના વચન-વાણી ઉપર પણ સંશય કર્યા કરે છે.

**જસ્ટ ટ્વીટ :**

''જે બીજાને માટે વૃક્ષનું રોપણ કરે એણે કદી તાપથી સંતપ્ત થવું પડતું નથી. જે બીજાને માટે પરબનું નિર્માણ કરે એણે કદી પિપાસુ રહેવું પડતું નથી. એ જ રીતે, પરહિત જેના જીવનનું વ્રત હોય એણે કોઈપણ દિવસ પરિતાપ કે ક્લેશનો અનુભવ કરવો પડતો નથી.''

**- શ્રી યોગેશ્વરજી**

# સેકન્ડ હેન્ડ સાયકલ...!! શ્રાદ્ધપક્ષ એટલે સ્મરણોને પેંડલ મારતી યાદોની સાયકલ...!!




'કાગવાસ... કાગ વાસ.... કાગ વાસ...' ધાબા પર ઊભા રહી આજુબાજુ નજર ફેરવી નિરંજન ચતુર્થીના શ્રાદ્ધે કાગડો થાળીને સ્પર્શે અને કોળીયો ભરે એ આશાએ મનોમન વંદન કરી રહ્યો હતો. પાંચ મિનિટ થઈ, એણે ઘડિયાળ સામે નજર ફેરવી, થોડેક દૂર કાગડો હતો કરો પણ એનાં ધાબે આવતો નહોતો. થોડી વધુ મિનિટ રાહ જોઈ એ સીડી ઉતરવા લાગ્યો. 'આજની ભાગદોડમાં જીવતાં માણસો માટે રાહ જોવાનો સમય નથી ત્યાં કાગડા માટે કોણ તપે' એવું વિચારતાં પગથિયાં ગણતો હતો. ત્યાં એની નજર કંપાઉન્ડ બહાર પડેલી સાયકલ પર પડી... આ તો પપ્પાની 'રેલે' સાયકલ, માત્ર ૩૫ રૂપિયામાં સેકન્ડ હેન્ડ ખરીદેલી અને એ પણ હપ્તેથી... એનાં પેંડા પણ વહેંચ્યા હતા!



હોલમાં આવતાં પહેલાં નજર પડી તો ત્યાં બુટ ચપ્પલથી આખું ખાનું પૅક હતું. પપ્પા પાસે તો માત્ર એક જ જોડ ચપ્પલ હતા. પોતાની પાસે તો ટોયલેટ, ગાર્ડન, ઘર એમ ત્રણ સ્લિપર્સ જોડ, સેંકડ, ચપ્પલ, સ્પોર્ટ્સ શુઝ, ઑફિસ શુઝ... કેટલી કરકસર કરતાં પપ્પા? પોતાની જાત પર નિરંજનને થોડો સંકોચ પણ થયો. એ ખખડધજ લૂના વખરતાં, દીકરાઓ કહી કહીને થાક્યાં કે નવું એક્ટિવા લઈએ, પણ એમના ખોટાં ખર્ચા પસંદ નહોતા. એવું નહોતું કે એમની પાસે પૈસા નહોતી. સારું એવું પેન્શન હતું. ત્રણે સંતાનો નોકરી કરતાં હતા, એટલે આર્થિક પરિસ્થિતિ મજબુત.

... પણ આ સિત્તેરની ઉપરની જે પેઢી છે ને એણના લોહીમાં જ કરકસર વણાયેલી છે. કોઈ પણ વસ્તુ લેવાની એટલે ટકાઉ લેવાની એ ચપ્પલ હોય કે કપડાં, નાનપણમાં એમને ખૂબ કષ્ટ કરેલાં. આવક કરતા જાવક વધારે, આઠ જણનો પરિવાર એટલે એમના માટે લેવાની વસ્તુ તો સૌથી છેલ્લી જ આવે! બે રૂમ રસોડાના મકાનમાંથી એક રૂમ ભાડે આપ્યો જેથી થોડી આર્થિક મદદ મળે. એટલે એક જ રૂમમાં આઠ જણ! નોકરી સાથે વધારાનું ભણતર લઈને પ્રગતિ કરતાં રહ્યાં. પોતાના પરિવાર સાથે સગાંઓને પણ મદદ ચાલુ જ રહી, અને એ પણ હસતાં મોંઢે!

નિરંજન શું કામ? આ ઉંમરે પહોંચેલા દરેક જણની વાત લગભગ પ્રસંગ બદલતાં સરખી જ હશે. આ પેઢીએ એમની જરૂરિયાત જ ઓછી રાખેલી બે જોડ કપડાં - એક જોડ ચપ્પલ અને બનિયાનમાં તો એટલાં કાણાં પડે ત્યાં સુધી પહેરે કે બાળકો મજાકમાં કહેતાં કે, 'હવે આ તો ફુલવડીનો ઝારો બની ગયો છે!' દિવાળીએ માંડ મીઠાઈ ભાળતાં આ લોકોએ હોટેલીંગ કે બીજાં મોજ શોખ તો કયાંથી કર્યા હોય? બાળકોના જન્મ દિવસે પણ મનગમતી વસ્તુ ઘરે જ બતાવવાનો આગ્રહ... નિરંજનને યાદ આવ્યું એટલા લગ્નને ૨૫ વર્ષ થયાં ત્યારે બળજબરી મમ્મી-પપ્પા બંનેને હોટલમાં જમવા મોકલ્યા ત્યારે તેઓ ફિક્સ થાળી જમીને પાછાં આવ્યા! અને બચેલા પૈસામાંથી આંખા પરિવાર માટે આઈસ્કીમ લઈ આવ્યાં!

> *હતું કેવું સંબંધોનું એ વળગણ યાદ આવે છે,*
> *હતું કેવું સરળ સીધું એ સગપણ યાદ આવે છે.*
> *પિતાની આંગળી છોડી હું શીખ્યો ચાલતાં જ્યારે,*
> *ખોવાયું શહેરમાં મારું એ બાળપણ યાદ આવે છે!*
> *- વિનય ઘાસવાલા*

પપ્પાના ફોટા સામે નૈવેદ્ય ધરાવેલી થાળી નિરંજન સામે ઠંડી થતી હતી, પણ એ તો વિચારે ચઢ્યો હતો. પપ્પાની દરેક વાતો એને યાદ આવતી હતી. નિરંજનને આમ તો શ્રાદ્ધમાં શ્રદ્ધા ઓછી, પણ કોણ જાણે કેમ આ વખતે એણે સામેથી કહ્યું કે હું પગે લાગવા આવું છું. કાગવાસ નાંખવાનો અધિકાર મોટા કે નાના દીકરાને હોય એટલે વચેટ નિરંજનને આ તક મળતી નહીં, પણ કદાચ એની ઈચ્છા પપ્પા સુધી પહોંચી અને બંને ભાઈઓની ગેરહાજરીમાં એને તક મળી...

'કાગડાએ કોળીયો ખાધો...' એવી વધામણી આવી. પપ્પા હાજર થયાનું ખુશી નિરંજનને મળી. એટલામાં એનાં મોબાઈલમાં મેસેજ ટોન વાગ્યો. એણે મેસેજ વાંચ્યો શનિવારની ફલાઈટ બે કલાક ડીલે થઈ હતી... એને યાદ આવ્યું. એશિયાડ - ૮૨ સ્પર્ધામાં પપ્પાને દિલ્હી જવાનું થયું. શનિવારે ઓર્ડર થયો, 'સોમવારે પહોંચો.' ફલાઈટ માટે અઢી હજાર રૂપિયાની જરૂર પડી. એ જમાનામાં આટલા રૂપિયા અને એ પણ રોકડા? નિરંજને એની નોટ-ચોપડીનાં પૂંઠા ખંખેર્યા અને પુરા ઓગણત્રીસો રૂપિયા કાઢીને પપ્પાના હાથમાં મૂક્યાં....

પપ્પાની અંતરની દુઆ એને કદાચ એવી જોરગાર મળી કે પછી નિરંજનને વિદેશયાત્રા સાથે અનેકવાર વિમાનીયાત્રા કરવા મળી. એનાં પપ્પા કાયમ કહેતા કે 'હપ્તે હાથી ખરીદાય, રોકડામાં તો બકરુંય ના આવે.' હપ્તે - હપ્તે કરીને એમણે ઘણી વસ્તુઓ વસાવી, ખાસ તો મકાન, રોકડાં રૂપિયા વપરાઈ જાય, એટલે એ દેવું કરો (બેંકનું) અને ભરપાઈ કરો એવું કહેતા. એમનાં આત્મીય સ્વભાવને કારણે મહેમાનો પણ કાયમ આવતાં એટલે રસોડું ધમધમતું રહેતું. પ્રાયમસ રિપેર કરનાર કે સુકા મેવાનો વેપાર કરનાર ફેરિયા પણ ઘરે જમીને જતાં... એ એમનાં પપ્પાનાં એક ના એક સંતાન હોવા છતાં વડિલોપાર્જિત મિલકતથી વંચિત રહ્યાં, અને પોતાના પગ પર આખી દુનિયા વસાવી એનું નિરંજનને કાયમ અભિયાન રહ્યું છે.

વાંચનના ગજબ શોખીન નિરંજનના પપ્પાના અક્ષરો મરોડદાર, એ કહેતાં કે 'અક્ષર તો નાગરની કન્યા જેવાં જ જોઈએ.' એ સાયકલ પર ચાર સવારી ચલાવતાં, શ્રાવણના સોમવારે મિત્રની સાયકલ માંગી લાવી આખા પરિવારને મહાદેવના દર્શને લઈ જાય... એમનાં ૭૦ જન્મદિવસે એક દીકરાને એમને સરપ્રાઈઝ મોબાઈલ ગિફ્ટ કર્યો, એ એટલું જ બોલ્યાં, 'હું તો સદાય ઘરમાં જ મળું છું. મોબાઈલની કયાં જરૂર છે' અને પૌત્રને ભેટ આપી દીધો !

નિરંજન દર બુધવારે પપ્પાને મળવા અચૂક જતો એ એને યાદ આવ્યું. એણે નવી સેડાન કાર હોન્ડા સિટી ખરીદી ત્યારે પપ્પાને બતાવવાં ગયો. એ ગાડી જોઈને અચાનક બોલ્યા, 'મારી ડેડ બોડી આમાં આરામથી આવી જશે.' નિરંજને પણ મજાકમાં કહ્યું, 'હજુ આનાથી મોટી ગાડી લાવીશું, ઉતાવળ ના કરો.' પણ ખબર નહીં એમને મૃત્યુના ભણકારાં વાગી ચૂક્યા હતા. અને એ આ ગાડીની વાત પછી અઠવાડિયામાં જ સ્વર્ગે સિધાવી ગયા...!

એ એમનાં સંતાનોને અનેક પ્રકારનો વારસો આપતા ગયા. એમણે કરેલો કરકસરને કારણે જ કદાચ નિરંજનનો પરિવાર ખૂબ સુખી અને સમૃદ્ધ હતો. એ આખી પેઢી પરિવાર માટે ઘસાઈને ઉજળી થયેલી. શ્રાદ્ધના અવસરે આ આખી ઘટનાની રિલ નજર સમક્ષ ફરતી હતી. નિરંજન અનુભવતો હતો કે શ્રાદ્ધ પક્ષ એટલે સ્મરણોને પેંડલ મારતી યાદોની સાયકલ... એ ઘરેથી બહાર નીકળતો હતો!

**ચૂંટલો :**

માનવીય સંબંધોનું વળગણ ન્યારું છે. શ્રાદ્ધ પક્ષમાં શ્રદ્ધાથી પિતૃતર્પણ કરી મૃતાત્માને યાદ કરીએ ત્યારે એમનાં છૂપા આશિર્વાદ સાથે, એમની સાથેની યાદો, ક્ષણો, સંઘર્ષ, સફળતા, ત્યાગ બધું જ યાદ આવે છે, અને આંખોમાં અશ્રુને દિલથી વંદન થાય છે.